R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-22 • ISSUE: 06 DATE: 09-02-2013• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

If undelivered pl. return to;
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭




## ચર્ચ ઓફ ઇગ્લેન્ડે સજાતીય લગ્નો માટે સાંસદોને સહકાર આપવાનો વિરોધ કર્યો

ચર્ચ ઓફ ઈગ્લેન્ડે તેમના સાંસદોને સજાતીય લગ્નોમાં સહકાર આપવા નન્નયો ભણ્યો હતો.તેમણે આ મુદ્દે જણાવ્યું હતું કે સજાતીય લગ્નોથી સમાજમાં અરાજકતા અને સામાન્ય લોકોના હિતોને નુકશાન થાય છે અને તેની સમાજના મોટાભાગના લોકોને થાય છે માટે સજાતીય લગ્નો માટે ચર્ચ કાયદાને મદદ કરવા માટે તરફેણ કરતું નથી.સજાતીય લગ્ન (એટલે એક જ જાતિના બે વ્યક્તિઓ વચ્ચેનો કરાર) અંગેનું બિલ સાંસદોને બીજી વખતનું હાઉસ ઓફ કોમન્સમાં વંચાણ અને ચર્ચા થાય એ પહેલાં મોકલી આપવામાં આવ્યું હતું.ચર્ચે જણાવ્યું હતું કે સરકારનો ઈરાદો જરુરીયાત વગર સજાતીય લગ્નોની તરફેણ કરે છે.અને તે માટે તેમની પાસે એવો કોઈ લોકમત પણ નથી.જો કે આ પ્રકારનું બીલ કાયદો બને તો ચર્ચ અને બીજા ધર્મમાં આસ્થા ધરાવનાર લોકોની માન્યતાને ધ્યાનમાં લેવાશે.જેથી કોઈની પણ ધાર્મિક માન્યતાને ઠેસ પહોચે નહી.આ પ્રકારના કાયદાઓ થાય તો આવનારા વર્ષોમાં ઘણા બધા કાયદાકીય ડીસ્પુટ ઉભા થવાનો સંભવ છે.આ પ્રકારના કાયદાઓને કારણે ધાર્મિક સ્વાતંત્રતા અને ખાસ કરીને ખ્રિસ્તીઓની તેમજ જેઓ ટ્રેડીશનલ મેરેજમાં માને છે તે સહુને માટે મુશ્કેલીઓ પેદા કરી શકે છે.

એવી શંકાઓ ઉભી થઈ છે કે ચર્ચોને તેમના વિશ્વાસ અને આસ્થાને આવા પ્રકારના કાયદાને કારણે કોઈ ગંભીર અસરો પેદા તો નહી થાયને?

## ખાસ પ્રાર્થના -વિનંતી

નવક્રાંતિ સાપ્તાહિકના તંત્રી તેમજ ગરવી નવક્રાંતિ સાપ્તાહિકના મુદ્રક,પ્રકાશક શ્રી રોબિનભાઈ ધોળકીયાના સ્વાસ્થમાં એકાએક તકલીફ ઉભી થતાં તેમને અમદાવાદની વી.એસ.હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા.પરિક્ષણોથી જાણવા મળ્યું છે કે તેમના હૃદયના એક વાલમાં મુશ્કેલી હોવાને કારણે લોહીનો પુરવઠો હૃદયમાં બરાબર આવતો નથી. ચાર દિવસની ટ્રીટમેન્ટ બાદ તેમને રજા આપવામાં આવી છે અને હાલમાં તેઓ તેમના ઘેર લઈ જવામાં આવ્યા છે.



નવક્રાંતિ અને ગરવી નવક્રાંતિ ના તમામ શુભેચ્છકો,વાંચકો અને ગ્રાહકોને નમ્ર વિનંતી કરવાની કે તેમને માટે તમારી વ્યક્તિગત અને કૌટુંબિક પ્રાર્થનામાં પ્રભુપિતાને વિનંતી કરે કે જેથી તેમને સંપુર્ણ સ્વાસ્થ પુન : પ્રાપ્ત થાય.આ ઉપરાંત જે મિત્રો,શુભેચ્છકોએ સંદેશાઓ પાઠવ્યા છે અને પ્રાર્થનાઓ માટે વચન આપ્યા છે તે તમામનો આભાર માનીએ છીએ.

નવક્રાંતિ તથા ગરવી નવક્રાંતિ પરિવાર


### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## કેથોલીક ચર્ચ, કેરાલા ધાર્મિક શિક્ષણ સાથે સેક્સ એજ્યુકેશન આપશે




કેથોલીક ચર્ચ,કેરાલાએ ધાર્મિક શિક્ષણમાં સેક્સ એજ્યુકેશન આપવાનો નિર્ણય કર્યો હતો.ધ અર્નાકુલમ એનગામલી આર્ચડાયોસીસ,સાયરો મલબાર ચર્ચ દ્વારા પ્રયોગાત્મક ધોરણે સેકસ એજ્યુકેશન આપવા કેટલાક મહિનાઓ પહેલા નિર્ણય કર્યો હતો.ફાધર જીમી પુચાકટ્ટ,ડાયરેકટર,ડીપાર્ડ ઓફ કેટીચીઝમ એન્ડ મોરલ એન્જયુકેશન ઓફ આર્ચડાયોસીસ દ્વારા જણાવાયું હતું કે વાલીઓ અને શિક્ષકો તરફથી આ બાબતે સારા પ્રતિભાવો મળી રહ્યા છે.તેથી અમોએ સેકસ એજ્યુકેશનને દાખલ કરવાનો નિર્ણય કર્યો છે.ચર્ચે આ પહેલા લગ્ન પહેલા પરણનાર યુવક-યુવતીઓ માટે સેક્સ એજ્યુકેશન અને તે બાબતનું કાઉન્સીલ શરુ કર્યું હતું પરંતુ તે મરજીયાત હતું.કેથોલીક બાળકો કેરાલામાં પાંચ વર્ષની ઉંમરથી પ્રત્યેક રવિવારે ૧૦ વર્ષ સુધી ધાર્મિક શિક્ષણ લે છે. ફાધરે જણાવ્યા પ્રમાણે અમો ૧ લાખ વિદ્યાર્થીઓને એટલે કે દર વર્ષે ૧૦ હજાર વિદ્યાર્થીઓને આ પ્રમાણે શિક્ષણ આપવા માંગીએ છીએ.અત્યાર સુધીમાં ૮ હજાર બાળકો એનલાઈટ સેસન્સમાં ડઝનેક સ્થળો પર આર્ચડાયોસીસના આ કાર્યક્રમમાં જોડાયા હતા.આખા દિવસની સેસનને સાયકોલોજીસ્ટ અને કાઉન્સીલરો,ઓડીયાવિઝ્યુલ એડ,ક્રિશ્ચિયન કોન્સેપ્ટ ઓફ સેક્સ્યુયાલીટી એન્ડ હ્યુમન બોડી,સાયંટીફીક એનાલીસીસ, જાતિય અંગોની જાણકારી,સ્ત્રી પુરુષનું આર્કષણ,સગીર વયે આવતા શારીરીક ફેરફાર બાબતે શીખવવામાં આવે છે.

ચર્ચ એવું માને છે કે જાતિય આવેગ કુદરતી છે.પરંતુ સોશ્યલ નેટવર્કીંગ અને મોબાઈલ દ્વારા આ આવેગોને ભડકાવવાની પ્રવૃત્તિ ચાલે છે.જ્યારે બાળકોમાં જાતિય સતાવણી ફેલાઈ ગઈ છે ત્યારે સોશ્યલ નેટવર્કીંગ અને મોબાઈલ ફોન્સના ઉન્માદ સામે,આપણા ટીનએજરર્સને રોજબરોજના જીવનમાં એવું શિક્ષણ આપવું જોઈએ કે જેથી તેઓ જાતિય સતાવણીના ભોગ ના બને કે તેનો શિકાર ના બને,તેવું પ્રીસ્ટ તરફથી જણાવાયું હતું.

બેઉ જેઓ વિરોધીઓ છે તેમજ ભોગ બનેલા છે તેઓ તેમના શરીરો અને જાતિય આવેગો બાબતે અજાણ છે.તેથી તેમણે કહ્યું હતું કે વિદ્યાર્થીઓને જણાવો કે તેઓ એનલાઈટ સેસનમાં ભાગ લે તેમજ જાતિય આવેગો બાબતે જાણકારી મેળવે,જે કુદરતની ભેટ છે પરંતુ તેનો દુરપયોગ ના કરે.

એનલાઈટના કાર્યકરો સોશ્યલ નેટવર્કીંગ જે ટીનએજરોમાં સેક્સ ચેટીંગ વિગેરે કરી રહ્યું છે તેમને આ ખતરા સામે જાગૃત કરવા માટે કાર્ય કરી રહ્યા છે

### જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

## નવ ક્રાંતિ

ગત વર્ષે માત્ર ચાર રુપીયાની આજુબાજુના ભાવે ડુંગળી વેચાતી હતી.એકાએક ભાવમાં ભડકો થયો અને ડુંગળી ચાલીસ રુપીયે કીલો. પર પહોચી ગઇ.સામાન્ય ગરીબ અને મધ્યમવર્ગના લોકો જેમના માટે કસ્તુરી ગણાતી અને ભોજનનો એક મહત્વનો ભાગ ગણાતી ડુંગળી આમ રડાવશે તેવી કલ્પના નહોતી.ભુતકાળમાં દિલ્હીમાં ડુંગળીના ભાવો આસમાને પહોચ્યા ત્યારે બીજેપીની સરકાર ડુંગળીના મામલે ચુંટણી હારી ગઇ હતી.ડુંગળી આ વખતે કોને કોને રોવડાવશે તે નક્કી નથી.દેશના કૃષિ પ્રધાન શરદ પવારે ઓછુ ઉત્પાદન થયું છે તેમ કહીને હાથ ખંખેરી નાંખ્યા.મોટા પ્રમાણમાં ડુંગળીની નિકાશ થઇ ગઇ ત્યારે આ તંત્ર ઉંઘતું રહ્યું.તેમને દેશના લોકોની પરવા ન હતી. હવે તેમને વિશ્વમાં કોણ આપણને ડુંગળી આપશે તેની પર નજર દોડાવી રહ્યા છે.સરકારી તંત્રમાં બેઠેલા લોકોને કોઇ બાબતમાં ઉણપ આવે કે વધ આવે બેઉ રીતે તેમને ફાયદા ઉઠાવતાં આવડે છે. હવે ચીનની ડુંગળી ભારતના બજારોમાં દેખાશે.વિશ્વમાં બીજા નંબરનું ડુંગળીમાં ઉત્પાદન ધરાવતો દેશ આયાત કરીને જરુરીયાત પુરી કરશે.ખેર, ગુજરાતમાં વેપારીઓની અને દલાલોની ખેચતાણ અને ભાવ વધારની મલાઇ ખાવાની લ્હાયમાં બજારોમાં હજુ મંદી ચાલે છે.ડુંગળીના ભાવો તુટી રહ્યા છે.આ એક ચાલ છે. ઓછા ભાવે ખેડુતો પાસેથી ખરીદી લઇ સ્ટોરેજ કરી પછી ઉંચા ભાવે તેના સોદા કરવા.તંત્રને આ બધું રોકવાની સાદી સમજ પડતી નથી. અને દેશનો સામાન્ય નાગરિકની અવદશા થાય છે.આ બધું બદલવું પડશે.

## જીભને જીતવી એ બધી જ વસ્તુઓને જીતવા બરાબર છે

દરેક માણસને જુદી જુદી ચીજવસ્તુઓ ખાવાનો શોખ હોય છે.દરેકને જુદો જુદો સ્વાદ હોય છે. આ સ્વાદ જે છે તે જીભ સાથે સીધો સંકળાયેલો છે. આપણા શરીરના દરેક અવયવની પોતાની કામગીરી ઇશ્વરે નિર્મિત કરેલી છે.આંખનું કામ જોવાનું, નાકનું શ્વાસોચ્છવાસ કરવાનું અને મોઢાનું કામ ખાવાનું છે. દાંતનુ કામ ખોરાક ચાવવાનું છે અને જીભનું? જીભનુ મુળ કામ તો મોઢામાના ખોરાકને આઘોપાછો કરીને એમાં લાળ ભેળવવાનું હોય છે.જીભ એ સ્વાદની ઇન્દ્રીય છે.પણ માણસ જાતે જીભનો ઉપયોગ બોલવાની ક્રિયા સાથે જોડ્યો છે.સ્વાદની સાથે સાથે એ ભાષાના ઉચ્ચાર-વાણી માટે પણ વધારાની કામગીરી કરે છે.જીભ-સ્વાદ અને વાચા એમ બેવડી ભુમિકા ભજવે છે.જીભ માટે આપણી ભાષામાં અનેક રૂઢીપ્રયોગો કહેવાતા ઉખાણા મળે છે.પણ આપણે તો એની બોલવાની કર્મેન્દ્રીય તરીકે ન જોતા સ્વાદેન્દ્રીય તરીકે ઓળખવી જોઇએ તો સ્વાદ પારખવાની અને સ્વાદ ચાખવાની કામગીરી માત્ર જીભની જ છે.મોઢામાંથી ગળા નીચે ખોરાક ઉતરે ત્યારથી એના સ્વાદનો અનુભવ પુરો થાય છે.ખાટો-તીખો-તુરો-કડવો- આ બધા જ સ્વાદની પરખ જીભ દ્વારા જ થાય છે.દરેક વ્યક્તિને ખાવા માટે જુદા જુદા સ્વાદ પસંદ હોય છે.બધા જ સ્વાદ બધાને અનુકુળ હોતા નથી.આપણે જે વસ્તુ ચાખીએ છીએ તે રસનેન્દ્રીયથી જે અનુભવ થાયછે. એ સ્વાદ છે સ્વાદનો શોખ હોય, પણ પોતાની શરીરની જરુરીયાત પ્રમાણે જ એને લેવામાં આવે તો વાંધો નથી.સ્વાદ એક એવી બાબત છે,જેને એનો ચટકો લાગે તે એને છોડી શકતો નથી.ઘણી વખત માણસ આવી આંધળી સ્વાદભક્તિ મૃત્યુ સુધી પણ લઇ જતી હોય છે. સ્વાદને જીતવો સહેલી બાબત નથી. ગાંધીજીએ કહ્યું છે : જેણે સ્વાદને જીત્યો નથી એ વિષયને જીતી શકતો નથી, સ્વાદને જીતવો કઠીન છે,પણ એ વિજયની સાથે જ બીજો વિષય સંભવે છે.આપણાં શાસ્ત્રોમાં પણ કહ્યું છે : જેણે રસ જીત્યો તેણે જગતને જીત્યું , એ રીતે સ્વાદના જયનો મહિમા ગાવામાં આવ્યો છે.સ્વાદની શક્તિ અમાપ છે.દરેકને સ્વાદની જરુરીયાત અલગ અને ઓછી વત્તી હોય છે. જીભ ઉપર ઝીણી ઝીણી ફોડકીઓ જેવા સ્વાદઅંકુરો રહેલા છે.એમાંથી નીચલી નાડીઓમાં શાખા જાય છે જેથી જીભ જુદા જુદા સ્વાદ કે રસો ચાખી શકે છે.

કેટલીક વસ્તુઓ આપણને અધિક સ્વાદિષ્ટ લાગતી હોય, એ ખાવામાં પ્રમાણભાન અતિ જરુરી છે. અકરાંતિયાની જેમ ખા ખા કરવાથી તે રોગને આમંત્રણ આપે છે. ભાવતી વસ્તુ વધારે ખાવી એના કરતાં તે ઓછી ખાઇને એનો સ્વાદ માણી શકાય છે.ભાવતી વાનગી પ્રત્યેનો વધારે પડતો ભાવ માણસને મૃત્યુનો માર્ગ ચીંધતો હોય છે.સ્વાદને માણવો એ એક અલગ પ્રક્રિયા છે.અને સ્વાદને પેટમાં મન ફાવે તેમ ભરવો તે બીજી બાબત છે.આપણે જાણીએ છીએ કે જે વસ્તુ પ્રત્યે આપણને વધારે આર્કષણ હોય તે વધારેમાં વધારે દુઃખી કરે છે.આપણા શરીરને અનુકુળ ન હોય છતાંય આપણને એનો સ્વાદ દાઢે લાગ્યો હોય, તો પણ એનો ત્યાગ કરવો એમાં જ આપણું શ્રેય છે.ચીનમાં કહેવત છે : ઓછુ ખાવ-લાંબુ જીવો. આપણા શાસ્ત્રોમાં પણ એ જ વાત ઢોલ વગાડીને કહેવામાં આવી છે.આપણે આગળ કહ્યું એમ જીભને જીતો, જીભને બે રીતે જીતવાની હોય છે. એક તો એનો સ્વાદ અને બીજી એની વાણી. સ્વાદને જીતો તો નિરોગી રહેશો અને વાણી જીતશો તો સંસાર સાથે પ્રેમમય રહેશો.મહાત્મા ગાંધીએ કહ્યું છે : જીભને જીતવી એ બધી જ વસ્તુઓ જીતવા બરાબર છે.જીભ ધારે તો આ વિશ્વનો વિનાશ નોતરી શકે છે.જીભથી આપણો અંત આવી શકે,જીભનો સ્વાદ વિનાશને પણ બોલાવી શકે છે.જે જે વધારે સ્વાદિષ્ટ હોય તેને ઉત્તરોત્તર ખાવું જોઇએ. સ્વાદનો આનંદ લેવો જોઇએ. આપણું પેટ કોઇ ગટર નથી કે ગમે તે અંદર નાખી શકાય.જો એવું થાય તો એના પરિણામ કેવા આવે છે. એનો આપણને અનુભવ છે.

જે કંઇ ખાઇએ છીએ એનો સ્વાદ માત્ર ને માત્ર ભાષા દ્વાર જ થાય છે.જીભ જો સ્વાદ રહિત બની જાય તો આપણને કોઇપણ રસની કશી જ ખબર પડે નહી.જેટલા ખાદ્ય પદાર્થ છે એનો સ્વાદ જીભના આગળના ભાગ સાથે ક્ષણભરના સંયોગથી છે.ગળાની નીચે ઉતર્યો કે સ્વાદિષ્ટ અને સ્વાદહીન ભોજન બંને એક છે.મોઢામાંથી કોળીયો નીચે ઉતરતાંની સાથે જે એનો સ્વાદ આપણે માણી શકતા નથી.એક ક્ષણ માટેનો આનંદ આપણને કેવા કેવા રંગ બતાવતો હોય છે.આપણે જાણીએ છીએ કે જીવનમાં સંયમ મહત્વનો છે. જો આપણે આપણી જીભ ઉપર સંયમ રાખતા શીખી જઇએ તો કોઇપણ પ્રકારનો પ્રશ્ન રહેતો નથી.સ્વભાવ અને સ્વાદને કાબુમાં રાખતા શીખો.સારો સ્વાદ અને સારો સ્વભાવ માણસની ઉંચાઇ વધારે છે.સ્વાદનો સબંધ જીભની જેમ સ્વાસ્થ સાથે પણ છે.વધારે પડતા ચટકા વધારે રોગ નિમંત્રે છે.સ્વાદ પ્રત્યે રાગ હોવો ન જોઇએ.કોઇપણ વસ્તુ પ્રત્યેનો અતિરાગ જીવનને ડુબાડતો હોય છે.આપણે જીવવા માટે ખાવું જોઇએ.ખાવા માટે જીવવાની જરુર નથી.કેટલાક લોકો તો માત્ર ખાવા માટે જ જીવતા હોય એવા અનુભવ થાય છે.એવા લોકોને ઇશ્વર વહેલા બોલાવતો હોય છે.

સ્વામી રામતીર્થે કહ્યું છે : જગતના લોકો જેને મજા અથવા સ્વાદ કહે છે, તે પોતાની ઝેરીલી અસર કર્યા વિના કેવી રીતે રહી શકે ?જેને સ્વાદના ચટકા છે, એ ઝેર સમાન છે. આપણે જે ખાવાની વધારે ઇચ્છા હોય એનો યોગ્ય માત્રામાં જ ઉપયોગ થાય એ જરુરી છે.વધારે ખાઓ-સ્મશાને જાઓ,એવો ઘાટ થાય છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

## કર્ણાટકમાં પ્રેસ સ્વાતંત્રતા માટે રાષ્ટ્રપતિની સહાય માટે માંગ

કર્ણાટકમાં પ્રેસની સ્વાતંત્રતા માટે રાષ્ટ્રપતિની મદદની માંગણી ખ્રિસ્તી ગ્રુપો દ્વારા માંગવામાં આવી હતી.તેમજ કર્ણાટકની સરકાર દ્વારા બે મીડીયા કર્મીઓને જેલમાંથી મુક્ત કરાવવા માંગણી કરી હતી.

સીએસએફ જનરલ સેક્રટરી જોસેફ ડાયસે કર્ણાટકના રાજ્યપાલશ્રી એચ.આર.ભારદ્વાજને વિનંતી કરી હતી કે તેઓ રાષ્ટ્રપતિને તેમનો રીપોર્ટ મોકલે અને બંદી બનાવેલ મીડીયા કર્મીઓને છોડાવે તેમજ રાજ્યમાં પ્રેસની સ્વાતંત્રતા અને વાણી સ્વાતંત્રતાના હકને કાયમ કરે.સીએસએફ દ્વારા પત્રકારોની ધરપકડના મુદ્દે જ્યુડીશયલ ઇન્કવારીની પણ માંગણી કરવામાં આવી હતી.તેમજ પત્રકારોની ધરપકડ કરનારા જવાબદાર પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવા માંગણી કરી હતી.

બે પત્રકારો પૈકી નવીન સુરીન્જ,કસ્તુરી ટીવી અન શરન, સહાય ટીવી ના છે.તેમની ધરપકડ મેંગલોર ખાતે એક પાર્ટી હોલમાં એક મહિલા પર હુમલો કરવાના મુદ્દે થઇ હતી.જુલાઇ ૨૮ના રોજ હિંદુ જાગરણ વેદિકે(વીજીલન્સ ફોરમ)ટોળા સાથે જન્મદિવસની પાર્ટી ઉજવતાં યુવાનો અને યુવતીઓ પર હુમલો કર્યો હતો.પોલીસે આ ઘટનામાં ૪૪ લોકોની ધરપકડ કરી હતી.જેમાં આ બે પત્રકારોની પણ ધરપકડ કરવામાં આવી હતી અને તેમને ક્રીમીનલ તરીકે રીપોર્ટમાં જણાવ્યા હતા.મેંગલોર પોલીસ,જે આ કેસમાં તપાસ કરી રહી છે તેમણે આ પત્રકારોની સામે રાયોટીંગ, ગેરવર્તણુંક,તેમજ મહિલા સાથે અભદ્ર વ્યવહારનો ગુનો નોધ્યો હતો.

સુરીન્જે નામના પત્રકારે આ તમામ આરોપો નકારી કાઢ્યા હતા.તેમણે જણાવ્યું હતું કે તેમની ધરપકડ રાજકીય કારણોસર જુઠા આરોપો લગાવીને કરવામાં આવી છે.તેમણે સ્થાનિક વહીવટીતંત્રને નબળું,દિશાવિહિન તેમજ લઘુમતિઓ પર કરવામાં આવતા હિંદુ કટ્ટરવાદીઓના હુમલામાં સહકારી ગણાવ્યા હતા.હિંદુ નેશનાલીસ્ટ ભારતીય જનતા પાર્ટીનું કર્ણાટકમાં શાસન છે. મીડીયા દ્વારા તેમના રીપોર્ટમાં જણાવાયું છે કે પોલીસને રાજકીય સપોર્ટ આપવામાં આવે છે જેથી તેઓ એવા પત્રકારો હિંદુ કટ્ટરવાદી ગ્રુપો દ્વારા કરવામાં આવતી હેરાનગતિના સમાચારોને પ્રાધાન્ય આપે છે તેમની ધરપકડ કરી શકે.

## ડૉ.બીલી ગ્રેહામ વિશ્વના પ્રથમ દસ વખાણવા લાયક વ્યક્તિઓ પૈકીના એક



ડૉ.બીલી ગ્રેહામ,૧૯૫૫ થી અત્યાર સુધીમાં વિશ્વમાં સૌથી વધારે વખાણવા લાયક પ્રથમ દસ વ્યક્તિઓ પૈકીના એક તરીકે ૫૬મી વાર યુએસએ ટુડે/ગેલઅપ દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા.તેઓ બીલી ગ્રેહામ ઇવેન્જલીકલ એસો.ના પ્રણેતા છે અને તેની સ્થાપના તેઓએ ૧૯૫૦માં કરી હતી.તેઓ તેમના ૩૧માં પુસ્તકને આ વર્ષે પ્રકાશિત કરશે.તેમના પછી ટોન ટેન લીસ્ટમાં રોનાલ્ડ રીગન(૩૧ વખત),પોપ જોન પોલ દ્રીતીય(૨૭ વખત) અને જીમી કાર્ટર(૨૭ વખત).ડો બીલી ગ્રેહામે ૧૮૫ દેશોમાં ૨૧૫ મીલીયન લોકોને સુવાર્તા પ્રગટ કરી છે. તેમણે લખેલા છેલ્લા પત્રમાં તેમણે લખ્યું હતું કે મારી શ્રધ્ધા અને હૃદયની ઇચ્છા છે કે ઇશ્વર લોકોના હૃદયમાં પરિવર્તન લાવે.તેમજ દરેક સમુદાયના લોકો જેઓ અમેરિકામાં રહે છે તેમના હૃદયમાં સ્થાન મેળવે.એજ રીતે તમારા પ્રત્યેકના હૃદયમાં ઇશ્વરનો વાસ હોય

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

ઉ.પ્રદેશના પૂર્વીય વિસ્તારમાં આવેલા ભાદવણ ગામમાં એક મેનીફેસ્ટોએ આણેલી સામાજિક ક્રાંતિએ બહુ મોટી સિદ્ધિ હાંસલ કરી છે. સામાજિક પરિવર્તન માટે ઉપાડેલી આ ઝુંબેશ ભારે સફળતાને વરી છે. વાત એમ છે કે ખેતી કામમાં યાંત્રિકરણ કરવામાં આવ્યું જેને લીધે મોટા જમીન માલિકો હવે ડાંગર તથા બીજા પાકોને લણવા-લેવા માટે હાર્વેસ્ટરોનો ઉપયોગ કરવા લાગ્યા છે. આટલે સુધી તો બરાબર પણ ત્યાં હવે એવી સમસ્યા પેદા થઈ છે કે આ હાર્વેસ્ટરોને ચલાવનારા ખેત મજૂરો મહેનતાણા તરીકે ત્યાં ચાલતા રિવાજ પ્રમાણે હવે અનાજ લેવાની ના પાડે છે. પરિણામે દાણાને બદલે માલિકોએ એમને રોકડમાં ચૂકવણી કરવી પડે છે. ગામમાં હવે ખેતમજૂરી રોકડમાં ચૂકવવાનો નવો રિવાજ શરૂ થયો છે.

ભાદવણગામમાં જમીન માલિકી ધરાવતા ઉચ્ચ જ્ઞાતિના ખેડૂતો વરસો લગી શ્રમજીવી દલિતોને જુદી જુદી રીતે પોતાના અંકુશ હેઠળ રાખતા હતા. દલિતોની આહાર પસંદગી એમાંની એક રીત - પ્રયુક્તિ હતી. જમીન માલિકો ખેતીકામના મહેનતાણા તરીકે દલિત મજૂરોને અનાજ આપતા તે લેવું પડતું ને એવું અનાજ એમને ખાવું પડતું હતું. અન્ય કોઈ વિકલ્પ નહોતો. ‘અમે તો તમારું ભરણપોષણ કરીએ છીએ’’ એ ત્યાં સવર્ણો દ્વારા એક સ્લોગન બની ગયેલો. આ સ્લોગન શ્રમજીવી દલિતોને કાને વારંવાર અથડાતો ને ‘આપણે તો ધનિકોના ગુલામ છીએ’ એવું તેમને સતત યાદ કરાવી સ્વમાન ઘવાયાની દુસહ્ય લાગણી પણ પેદા કરતો હતો. હવે આ દલિત શ્રમજીવીઓના હાથમાં પૈસા આવવા લાગ્યા છે જેને કારણે ગામમાં સારોયે માહોલ બદલાઈ ગયો છે. આજે આ પૂર્વીય વિસ્તારમાં ‘સ્વરાજ’ આવ્યું છે એમ કહીએ તો એ ખોટું નથી! ‘વસુ વિના નર પશુ’ એ સાચું પડ્યું છે!

# જ્ઞાતિપ્રથા નાબૂદી મેનીફેસ્ટો

આરંભે જેનો ઉલ્લેખ કરાયો તે મેનીફેસ્ટોએ સરકાર પાસે ફાર્મ એક્વીપમેન્ટ ઈન્ડસ્ટ્રી માટે મોટી મોટી સબસીડીઓની માગણી કરવા માંડી છે ને એ રીતે દલિતો પરના સવર્ણોના અંકુશને ક્રમશઃ નાકામિયાબ બનાવી દેવાની શરૂઆત કરી છે.

ભાદવણ ગામે સાત વર્ષ અગાઉ જ્યારે ખેતીકામ માટે ઉપયોગમાં લેવાતા બળદોની છેલ્લી જોડીને લોકોએ કતલખાને રવાના કરી ત્યારે ગામમાં ખરેખર ક્રાંતિનાં મંડાણ થયાં. તે પહેલાં અહીં ખેતી પદ્ધત્તિ-વાવણી ને કાપણી - જ્ઞાતિપ્રથાનુસાર હતી. મોટા ભાગનાં ખેતરો ઉચ્ચ વર્ણના જમીન માલિકોના હાથમાં હતાં જેઓ ખેતીનાં - વાવણી કાપણીનાં સાધનોને પણ ‘અસ્પૃશ્ય’ ગણતા હતા. પ્રત્યેક જમીન માલિક એકાદ દલિત મજૂર પરિવારનો પોતાના ખેતરમાં રાખતો હતો. પરિવારના પુરુષો ખેતર ખેડતા, વાવણી કરતા ને પાકની સંભાળ રાખતા જ્યારે સ્ત્રીઓ ઢોરઢાંખર સાચવતી તથા ગમાણની સાફસફાઈ કરતી. બળદોની વિદાય બાદ ખેતીનું મુખ્ય સાધન હળ, સમાર, તરફેણ વગેરે નકામાં બની ગયાં, પડી રહ્યાં ને હળ ચલાવનારને આઝાદી પ્રાપ્ત થઈ. અગાઉ જ્યારે ખેતમાલિકને દલિત મજૂરોની જરૂર ના હોય તે દિવસે જ તેઓ બહાર બીજે કામે જઈ શકતા ને સામાજિક ખર્ચાને પહોંચી વળવા થોડુંક કંઈક રળી લેતા. ૧૯૯૨ પછી આવેલા ઉદ્યોગીકરણને લીધે પણ ગામમાં ક્રાંતિ આવી. દલિત યુવા સમૂહો નજીકના શહેરોનાં કારખાનાંઓમાં નોકરી કરવા મોટી સંખ્યામાં જવા લાગ્યા. પરિણામ એ આવ્યું કે સવર્ણ જમીન માલિકોને ખેતીકામ માટે મજૂરોની ખોટ પડવા લાગી ને ખેતી કેમ કરવી તેની સમસ્યા ઊભી થઈ.

પરંતુ, એક હકીકત દીવા જેવી સ્પષ્ટ દેખાઈ આવી. ઉદ્યોગીકરણ વધુ તેમ દલિતોની મુક્તિ પણ વધુ. એટલે, ઉક્ત મેનીફેસ્ટો ‘પર્યાવરણ મંત્રાલય’ (મીનીસ્ટ્રી ઓફ એનવાયોરન્ટ)ને બંધ કરી દેવાની પણ બુલંદ માગણી કરે છે કારણ મંત્રાલય ઉદ્યોગીકરણની ઝડપને ધીમી કરી દે છે.

બીજી એક બાબત, ૧૯૭૦ના આરંભે લાવવામાં આવેલો જમીન ટોચ મર્યાદા ધારો (લેન્ડ સીલીંગ એક્ટ) છે. આ ધારા અનુસાર જે જમીનમાં બે વખત સીંચાઈ થતી હોય ને વર્ષે બે પાક લેવાતા હોય તેવી જમીન ૧૮ એકરથી વધારે કોઈનાથી રાખી શકાય નહિ. પરંતુ, હકીકત એવી છે કે આટલી ઓછી જમીન આર્થિક ઉપાર્જન માટે પૂરતી નથી અને એમાં ખેતી કરવા માટે ટ્રેક્ટર, હાર્વેસ્ટર જેવાં સાધનો માલિકોને વસાવવાં પોષાય નહિ અને તેથી ખેતીમાં યાંત્રિકરણ કરવું પણ મુશ્કેલ પડે.

વસ્તુતઃ જમીન ટોચ મર્યાદા ધારો, કોર્પોરેટ લેવલે (એટલે કે વિશાળ માત્રામાં) ખેતી કરવાની પદ્ધત્તિમાં પણ રૂકાવટ કરે છે ને અડચણરૂપ બને છે. ૧૮ એકર જેટલી ખેતજમીનના નાના ટૂકડામાં કોઈ પણ પાકનું ઉત્પાદન પ્રમાણમાં ઘણું નીચું રહે છે ને એ પ્રકારની ખેતપદ્ધત્તિ જ્ઞાતિપ્રથા જેવાં સામાજિક દુ:ષણોને ટકાવી રાખવામાં ટેકારૂપ બને છે. એટલે એ કહેવાનું કે મર્યાદિત ક્ષેત્રફળમાં ખેતીની જમીન રાખવાનો જમીન ટોચ મર્યાદા ધારો વાસ્તવમાં ફાયદાકારક નથી અને એના દ્વારા ભારત દેશમાં સામાજિક લોકશાહી કદાપિ લાવી શકાય નહિ. મેનીફેસ્ટો આ જમીન ટોચ મર્યાદા ધારાનો પણ સખત વિરોધ કરે છે ને તે નાબૂદ કરવામાં આવે તેવું ઈચ્છે છે.ભાદવણ ગામે ખેતી કરવાની જે પદ્ધત્તિ અપનાવી તેણે અગાઉની પદ્ધત્તિ કેવી રીતે જમીન માલિકી અને વર્ણશુદ્ધતા પરંપરાગત જ્ઞાતિપ્રથાને ટકાવી રાખવામાં કારણભૂત અને સહાયભૂત થતી હતી તેના પર પ્રકાશ પાડ્યો છે. અર્થાત જ્યાં લગી વ્યવસાય અને જ્ઞાતિ વચ્ચેનું જોડાણ (વ્યવસાય-જ્ઞાતિ સંબંધ) ચાલુ રહેશે ત્યાં લગી ભારત દેશ પ્રગતિને પંથે આગળ ધપી શકશે જ નહિ. સાથે સાથે એ પણ સ્વીકારવું જોઈશે કે આ પરંપરાને ત્યારે જ તોડી શકાશે જ્યારે આપણે વ્યવસાયોમાં આધુનીકરણ લાવીશું.

એક ઉદાહરણ ટાંકીએ. સેન્ટર ફોર ધી એડવાન્સ્ડ સ્ટડી ઓફ ઈન્ડીઆ (CASI) યુનીવર્સીટી ઓફ પેનીસિલ્વીયાનાના ડાયરેક્ટર દેવેશ કપુરે દિલ્હી સ્થિત ત્રણ શોપીંગ મોલના સફાઈ કર્મચારીઓ વિશે કરેલો એક અભ્યાસ ઉપરોક્ત મંતવ્યનું સમર્થન કરે છે. તેમની મારફતે ૧૫૧ સફાઈ કર્મચારીઓનો CASI દ્વારા જે અભ્યાસ કરવામાં આવ્યો હતો તેમાંના ૫૮.૯ % બિન-દલિતો (સવર્ણો તરીકે ઓળખાતા) અને ૪૧.૧ % દલિતો હતા. બધા કર્મચારીઓ શોપીંગ મોલે અપનાવેલ ગણવેશ, બૂટ અને ખાસ પ્રકારની ટોપી પહેરતા હતા ને જાણે પેરામેડીકલ વર્કર્સ હોય એવા લાગતા હતા. પોતાની સાથે રાખેલ સફાઈનાં સાધનો -ક્લીનીંગ કીટ અને ગ્લોવ્ઝ- બતાવતાં તેઓએ કહ્યુંઃ“ બોલો, અમે સફાઈ કામદારો જેવા લાગીએ છીએ ?’’ કહેવાનું તાત્પર્ય એ કે આ શોપીંગ મોલોએ ભારતીય સમાજે જે વ્યવસાયને હલકો ગણીને તેને દલિતો સાથે જોડી દીધો છે તેવા વ્યવસાયને જ્ઞાતિશૂન્ય (કાસ્ટ ન્યુટ્રલ) બનાવી દેવામાં સફળતા હાંસલ કરી છે.

અને આ કારણે જ ઉક્ત મેનીફેસ્ટો સમગ્ર ભારત દેશમાં સફાઈ કામનું પણ વ્યવસાયીકરણ (પ્રોફેશનલાઈઝેશન) કરાય તેવી બુલંદ માગણી કરે છે.

સાંસ્કૃતિક પરિવર્તન પણ એટલું જ જરૂરી છે. ખાપ પંચાયતો ટી.વી. પ્રોગ્રામોને તેમની સંસ્કૃતિ ઉપર બહારના શત્રુઓના હુમલા માને છે. હકીકતે ટી.વી.એ તો દેશનાં ગામડાંઓની ભાગોળે ભાગોળે સાંસ્કૃતિક ક્રાંતિ આણી છે તથા સાંસ્કૃતિક ક્રાંતિનો માહોલ રચ્યો છે. હવે ગામડાંનાં જુવાન છોકરા છોકરીઓ શહેરી જીવનસરણીને હોંશે હોંશે બાથ ભરી રહ્યાં હોય તો તે આ સાંસ્કૃતિક ક્રાંતિને આભારી છે. યુવાવર્ગમાં પ્રગટેલ ઉપભોક્તા વલણે ચીજ-વસ્તુઓના ઉત્પાદનની ગાદીઓ ઉપર સામાજિક પરિવર્તનને આરૂઢ કર્યું છે. ચીજ-વસ્તુઓ તો બજારમાંથી દલિતો ખરીદી શકે પરંતુ સામાજિક-વલણો ને પરિવર્તનો તેમનાથી ક્યાંયે ખરીદી શકાય નહિ. ઉપભોક્તાવાદ (કન્ઝ્યુમેરીઝમ) ઉદ્યોગીકરણને માત્ર પ્રવેગ આપે છે એટલું જ નહિ, તે જ્ઞાતિ માળખાને પણ નબળું બનાવે છે. ઉક્ત મેનીફેસ્ટો દેશમાં ઘરે ઘરે ડીશ-એન્ટેના જોડાણની પણ માગણી કરે છે.

મૂડી (કેપીટલ) અર્થાત નાણાંની રમઝટ જ્ઞાતિપ્રથા સામે લડવાનું એક સબળ હથિયાર છે. દલિતોના હાથમાં તો એ જ્ઞાતિ વિરોધી શસ્ત્ર છે. એટલે તો ધર્મશાસ્ત્ર આધારિત જ્ઞાતિ કોડમાં દલિતોને પૈસાનો સંગ્રહ કરવાની મનાઈ ફરમાયેલી છે. લક્ષ્મીનો સંગ્રહ દલિતો માટે મના છે. એટલે મૂડી ધિરાણ, લોન, ધંધામાં ભાગીદારી આદિ વિવિધ સુવિધાઓ ને સાધનો ઉપલબ્ધ કરીને દલિત-કેપીટલીઝમને પ્રોત્સાહન આપવું એ પણ ઉપરોક્ત મેનીફેસ્ટોની એક માંગ છે.

વસ્તુતઃ જ્યાં સુધી જ્ઞાતિપ્રથા જેનો એક અવિભાજ્ય અંશ છે તેવા આપણા સામાજિક માળખાનો કોઈ અન્ય વિકલ્પ ના શોધાય ત્યાં સુધી ભારતને જ્ઞાતિ રહિત (કાસ્ટ ન્યુટ્રલ) બનાવવો તે અતિ કઠિન કામ છે. આજે હવે, દેશમાં વર્ગ આધારિત સમૂહો રચાતા દષ્ટિગોચર થવા લાગ્યા છે. હકીકતે મૂડીવાદી માળખામાં જ વર્ગ-આધારિત સમૂહોની રચના શક્ય છે. વર્ગના પાયા પર ચણાતો માનવસમૂહ, મૂડીવાદ મારફતે એવા સામાજિક માળખાને જન્મ આપે છે કે જેમાં સામાજિક દરજ્જો બદલવો શક્ય બને છે. પરંતુ, આપણે એ હકીકતથી પણ વાકેફ છીએ કે ભારત દેશમાં તો મૂડીવાદ પ્રત્યે સૂગ પ્રવર્તે છે, તેના પક્ષે લઘુમતી છે અને જાહેરમાં તેને ઝાઝું સમર્થન પ્રાપ્ય નથી. ઉક્ત મેનીફેસ્ટો ભારતદેશ મૂડીવાદને અપનાવવાની નીતિ જાહેર કરે એવી પણ માગણી કરે છે.

ભારતને જ્ઞાતિશૂન્ય/ જ્ઞાતિમૂક (કાસ્ટ ન્યુટ્રલ) બનાવવું હોય તો તેની જ્ઞાતિની બોલતી બંધ કરી દેવી (સ્પીચલેસ) પડે. આ હેતુસર જ્ઞાતિમય ભાષા (લેન્ગવેજ ઓફ કાસ્ટ)નો ઉપયોગ કરવાનું બંધ કરવું જોઈએ. અંગ્રેજી શીખવું અને તેનો બોલવામાં ઉપયોગ વધારે ને વધારે કર્યે જવો એ આ દિશામાં એક અસરકારક ઉકેલ છે એમાં લગીરે શંકા નથી. પ્રસ્તુત મેનીફેસ્ટો એવી પણ માગણી કરે છે કે શાળામાં ભણતાં બધાં બાળકોને તેમની જ્ઞાતિ, લિંગ કે ધર્મ-સંપ્રદાયને ધ્યાનમાં લીધા વિના અંગ્રેજી શીખવવામાં આવે જેથી દેશમાં અપેક્ષિત ને અતિ જરૂરી સામાજિક પરિવર્તન લાવવામાં વિલંબ થાય નહિ.

લેખકો: ચંદ્ર ભાણ અને મિલંદ કામ્બલે

અનુવાદકઃ ફાધર વિલિયમ

ચંદ્ર ભાણ પ્રસાદ દલિત-સ્પર્શી મુદ્દાઓ વિષયે લખે છે. મિલંદ કામ્બલે ‘દલિત ઈન્ડીઅન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી’ ના ચેરમેન છે.

(મૂળ લેખ : ‘મેનીફેસ્ટો ટુ એન્ડ કાસ્ટ’. ટાઈમ્સ ઓફ ઈન્ડીઆ તા. ૨૩-૧-૨૦૧૩)



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

## શાલેમ મેરેજ બ્યુરો

- દેશ, વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા, વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-**

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ, મેથો નર્સીંગસ્કુલ સામે. મિશન રોડ, નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

| નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. | અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી ભાઈલાલભાઈ ટેલર,<br>પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ,<br>નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,<br>નવદીપનગર, પવનચક્કી રોડ,<br>નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન,<br>આર્શીવાદનગર, રામતલાવડી,<br>નડીયાદ.૨ | શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,<br>જીવન સાહિત્ય ભંડાર,<br>શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ),<br>અમદાવાદ.૮<br>ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,<br>શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની,<br>બહેરામપુરા,અમદાવાદ.૨૨ |

# શ્રીમંતોના વાંકે મધ્યમવર્ગ માટે ડીઝલ દોહ્યલું બનશે

(ડીઝલના ભાવવધારા સામે વ્યાપક વિરોધ વંટોળ જાગ્યો છે.ત્યારે બુધ્ધિજીવી વાચકોને પ્રસ્તુત સમસ્યા વિશે જાણકારી કેળવવી આવશ્યક છે.)

ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ પર કરવેરા ઉઘરાવવામાં આવે છે. અને પછી તેમાં સબસીડીના રૂપમાં રાહતો આપવામાં આવે છે.હવે સરકારને લાગે છ કે પેટ્રોલ અને ડીઝલ માટે આપવામાં આવતી સબસીડી અર્થતંત્ર માટે બોજારુપ છે. માટે આ સબસીડી ક્રમશ : નાબુદ કરવામાં આવશે.આમ કરવા જતાં ટ્રાન્સપોર્ટના ખર્ચાઓ વધી જશે, જેને કારણે ગરીબ અને મધ્યમવર્ગની કમર ભાંગી જશે.સરકારે જો પોતાની ઉપરનો સબસીડીનો બોજો ઘટાડવો હોય તો પહેલાં પ્રજા ઉપરના કરવેરાનો બોજો પણ ઘટાડવો જોઈએ.

સરકાર દ્વારા પેટ્રોલના ભાવોની સરખામણીએ ડીઝલના ભાવોને કૃત્રિમ રીતે નીચા રાખવાની જે નીતિ વર્ષોથી અમલમાં આણવામાં આવી છે તેનો બેફામ લાભ શ્રીમંતો અને ડીઝલ કારના ઉત્પાદકો ઉઠાવી રહ્યા છે.ડીઝલના નીચા ભાવોનો લાભ લેવા ઓટોમોબાઈલ્સ કંપનીઓ ડીઝલકારના નીતનવા મોડલો બજારમાં ઉતારી રહી છે. જેમને ૧૦૦ રુપીયે લીટરના ભાવે પણ ડીઝલ ખરીદવું પરવડે તેવા શ્રીમંતો ગરીબો માટે સબસીડીના ભાવે મળતું ડીઝલ ખરીદીને સ્પેશલ યુટીલીટી વ્હીકલ(એસયુવી)માં ઘુમી રહ્યા છે.અને કેન્દ્ર સરકારની મુર્ખાઈ પર હસી રહ્યા છે.એસયુવી વાપરતા શ્રીમંતો પાસેથી સબસીડીના રુપીયા વસુલ કરવા કોઈએ સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી કરી છે. જેના જવાબમાં સુપ્રીમ કોર્ટે ડીઝલ કાર ના ખરીદદારો પાસેથી તેની કિંમતના ૨૫ ટકા જેટલો ગ્રીન સેસ લેવાનો આદેશ આપ્યો છે.ઓટોમોબાઈલ્સ ઉદ્યોગના હાથમાં રમતી સરકાર આ આદેશને ધોળીને પી ગઈ છે. એક સમયે ભારતમાં ૯૦ ટકા મોટરકારો પેટ્રોલથી જ ચાલતી હતી.ડીઝલ સસ્તું વેચવાની સરકારની નીતિને કારણે ડીઝલથી ચાલતી લકઝરી કારના વેચાણમાં ભારે ઉછાળો આવ્યો છે. ગયા વર્ષે તો તેનું વેચાણ કુલ વેચાણના ૫૦ ટકાથી વધી ગયું હતું.માત્ર એસયુવી બનાવતી મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા કંપનીનું ૯૯ ટકા વેચાણ ડીઝલ સેગમેન્ટમાં છે. કેન્દ્ર દ્વારા ગરીબોના પરિવહન માટે ડીઝલમાં જે અબજો રુપીયાની સબસીડી આપવામાં આવે છે તેનો લાભ આ શ્રીમંતો ઉઠાવી રહ્યા છે.ભારતમાં ડીઝલનો જેટલો વપરાશ થાય છે તેના ૧૫.૮૮ ટકા વપરાશ એસયુવી તરીકે ઓળખાતી મોટરકારમાં થાય છે.જે માત્ર શ્રીમંતોને જ પરવડે તેવી હોય છે.તેને કારણે કેન્દ્ર સરકારને વર્ષે ૨૧,૦૦૦ કરોડ રુપીયાનું નુકસાન જાય છે. બીજુ ૪.૬ ટકા જેટલું ડીઝલ જનરેટરના સેટ ચલાવવામાં વપરાય છે. જેનો લાભ પણ ભાગ્યેજ ગરીબોને મળતો હશે.૧.૯૩ ટકા ડીઝલ તો મોબાઈલ ટાવરોના જનરેટરો ચલાવવા વપરાય છે. જેઓ કરોડોનો નફો કરે છે. મોબાઈલ ટાવરોના ઓપરેટરો વર્ષે ૩૦૦ કરોડ લીટર જેટલું સસ્તું(સબસીડાઈઝ્ડ) ડીઝલ વાપરે છે.તેને કારણે કેન્દ્ર સરકારને સબસીડીના રુપમાં ૨૬૦૦ કરોડ રુપીયાનો બોજો વેઠવો પડે છે ને એટલું નુકસાન જાય છે.આ શ્રીમંતોને અને માલદાર કંપનીઓને સજા કરવા ડીઝલ મોંઘુ કરવામાં આવ્યું તેનો સૌથી વધુ માર ગરીબોને પડવાનો છે.

કેન્દ્ર સરકારે ડીઝલના ભાવોને અંકુશમુક્ત કરવાનું પગલું આર્થિક સુધારા તરીકે જોવામાં આવે છે. પણ તેમાં ગરીબ,મધ્યમવર્ગનો વિચાર કરવામાં આવ્યો નથી.પબ્લિક ટ્રાન્સપોર્ટમાં, ટ્રેનમાં કે બસમાં મુસાફરી કરતાં ગરીબ અને મધ્યમ વર્ગે હવે વધુ ભાડું ચુકવવાની તૈયારી રાખવી પડશે.વળી પરિવહન મોંઘું થતાં બીજી ચીજવસ્તુઓના ભાવ પણ વધશે. તેને કારણે ફુગાવો ફરીથી ડબલ ડીજીટને સ્પર્શી જશે.

બીજી વાત : અત્યારે ડીઝલની કિંમત ૫૦ રુપીયા છે. તેમાં આશરે ૨૬ રુપીયા તો કેન્દ્ર અને રાજ્ય સરકારોના વેરાઓ છે.ઓઈલ માર્કેટીંગ કંપનીઓ(ભારત પેટ્રોલીયમ)વગેરે એવો દાવો કરે છે કે તેમને ડીઝલના વેચાણમાં લીટર દીઠ આશરે રુ ૧૦ની ખોટ જાય છે.આ ખોટ સરકાર ભરવાઈ કરી આપે છે.હકીકતે જો કેન્દ્ર સરકાર ડીઝલ પરના કરવેરા નાબુદ કરે તો ઓઈલ માર્કેટીંગ કંપનીઓની ખોટ સરભર કર્યા પછી પણ ડીઝલ ૩૫ રુપીયે લીટરના ભાવે વેચી શકાય તેમ છે. પણ લોહીનો સ્વાદ ચાખી ગયેલી સરકાર પોતાની આવક જતી કરવા તૈયાર નથી.(જે આવકનો ભારે ગેરઉપયોગ થાય છે જે સહુ જાણે છે.દા.ત. સાંસદો અને પ્રધાનોના ભાડાભથ્થાં,ગાડીઓ,સરકારી વિશાળ આવાસો,સબસીડાઈઝ જમણ વગેરે)કેન્દ્ર સરકાર જો ગરીબ અને મધ્યમ વર્ગને સસ્તા ભાવે ડીઝલ આપવા માંગતી હોય અને શ્રીમંતો પાસેથી તેની પુરેપુરી કિંમત વસુલ કરવા માંગતી હોય તો તેના અનેક રસ્તા છે.એક રસ્તો ડીઝલની બેવડી ભાવનીતિનો છે. પેટ્રોલ પંપ ઉપર ટ્રકો માટે ડીઝલના એક ભાવ અને એસયુવી માટે વધુ ભાવ રાખવામાં આવે તો ગરીબોને બોજાથી બચાવી શકાય તેમ છે. તેમાં ગોલમાલ થવાની સંભાવના દેખાતી હોય તો એસયુવીના ખરીદદારો પાસેથી ગ્રીન સેસ વસુલ કરીને તે રકમ ઓઈલ માર્કેટીંગ કંપનીઓને ખોટ સરભર કરવા માટે વાપરવી જોઈએ.ત્રીજો ઉપાય દેશના તમામ ટોલનાકાઓ ઉપર ટ્રકોને ટોલમાફી આપવાનો છે. જેને કારણે તેમના ખર્ચમાં ઘટાડો થશે. ટ્રકોને આપવામાં આવતી છુટછાટની રકમ એસયુવી ઉપરનો ટોલ વધારીને વસુલ કરવાની છુટ આપવી જોઈએ.

લેખક : સંજય વોરા
(સૌ.દિ.ભા)

# પરિવર્તન માટે સર્વસમાવેશક નીતિની જરુર

(દેશમાં ગરીબો-વંચિતોના હિતમાં પરિવર્તન કેવી રીતે લાવી શકાય તેના પર નીચેનો લેખ ઘણો પ્રકાશ પાડે છે. ભગવાન ઈસુના અનુયાયીઓ-ખ્રિસ્તીઓએ "જ્યારે હું ભુખ્યો હતો ત્યારે તે મને ખાવાનું આપ્યું...." બાઈબલના આ વચનોને યાદ કરી તેને જીવનમાં અપનાવી ચોપાસ નમુનો આપવામાં લેખ ઘણો ઉપયોગી નિવડશે - ફાધર વિલિયમ)

તાજેતરના અઠવાડિયાઓમાં આપણે દેશને વધુ સુરક્ષિત બનાવવા માટે ઘણી મહેનત કરી છે. દિલ્હી સામુહિક દુષ્કર્મની ઘટના તમારા પ્રયાસોને કારણે સતત ચર્ચામાં રહી. હવે આ આક્રોશના કેટલાંક ચિંતાજનક નકારાત્મક પાસાં અંગે પણ થોડા જાગૃત રહેવું જરુરી છે. એ વાત સાચી કે તમે એક કાયદેસરના અને જરુરી મુદ્ધાની તરફેણમાં ઉભા રહ્યા છો, પરંતુ જે પધ્ધતિથી તમે આગળ વધ્યા એ યોગ્ય નથી. આ રીતે તમે મોટો હોબાળો મચાવી શકો છો, પરંતુ જરુરી પરિવર્તન લાવી શકતા નથી. આથી સૌથી પહેલાં તો આપણે ભારતને સમજવું પડશે.

તમારા નાગરિકશાસ્ત્રના શિક્ષકે ભલે તમને કંઈ પણ કહ્યું ન હોય, પરંતુ ભારત એક સમતાવાદી દેશ નથી. તે શક્તિના જુદાં જુદાં સ્તરની સાથે ચાર વર્ગોમાં વહેચાયેલો છે. સરળતા માટે આપણે તેને પ્રથમ,બીજો,ત્રીજો અને ચોથો વર્ગ કહી શકીએ છીએ. પ્રથમ વર્ગમાં આપણા રાજકીય મહાર્થી છે. જે દેશને ચલાવે છે. તેઓ સંપત્તિ ધરાવતા નથી, પરંતુ સંપત્તિના માલિકો અને બીજા વર્ગના લોકો પર નિયંત્રણ ધરાવે છે.બીજો વર્ગ છે આપણા ઉદ્યોગપતિઓ અને મુડીપતિઓ. તેઓ પ્રથમ વર્ગની તાકાત વધારવામાં મદદ કરે છે. વ્યાવસાયિક મેગેઝીનો તેમને 'નવા ઉદારવાદી,ભારતના ડાયનેમિક ઉદ્યમી' જેવા મેડલથી નવાજે છે.તેઓ એટલા માટે મોટા બની જાય છે,કેમકે પ્રથમ વર્ગની તેઓ સારી રીતે સેવા કરે છે. પ્રથમ વર્ગના લોકો પણ બીજા વર્ગના લોકોને એક મર્યાદિત હરિફાઈ સાથે ધનવાન બનવાની છુટ આપે છે.

ત્રીજો વર્ગ છે તમારા ને મારા જેવા લોકોનો. આપણે સમૃધ્ધિ અને શિક્ષણના એક ચોક્કસ સ્તરની સાથે દેશની વસતીનો લગભગ દસ ટકા ભાગ છીએ.જો કે આ વર્ગના અનેક લોકોનું જીવન સંઘર્ષમય છે,પરંતુ તેમની રહેણી કરણીનું એક સ્તર છે અને તેમને થોડીઘણી સંભાવના પણ મળે છે.જે કે તેમનો તાત્કાલિક ન્યાય,જવાબદાર નેતા અને સુરક્ષા કરનારુ પોલીસ બળ મળ્યું નથી.ઉલ્લેખનીય છે કે આ ત્રીજા વર્ગના લોકોએ તાજેતરમાં જ એક નવી મીડીયાશક્તિ હાંસલ કરી છે.તેમનું સોશિયલ મીડીયામાં પણ વર્ચસ્વ છે. સોશ્યલ મીડીયા પર પણ જે ટ્રેન્ડ હોય, સાંજ સુધીમાં તે સમાચાર બની જાય છે.સમાચાર નક્કી કરવા અને પ્રજાની ભાવના જગાડવાની આ તાકાત અસલ અને અત્યંત મહત્વની છે.

દિલ્હી સામુહિક દુષ્કર્મની પીડીતા ત્રીજા વર્ગની હતી. અને આ જધન્ય કૃત્ય બાદ આ વર્ગના અન્ય લોકોએ ખુદને અભુતપુર્વ રીતે અસલામત અનુભવ્યા છે. આ લોકો ઈચ્છતા હતા કે દુષ્કર્મ પર ચર્ચા થાય. આ કારણે જ ૧.૨ અબજની વસતી ધરાવતા આ દેશમાં લગભગ છેલ્લા એક મહિનાથી આ વિષય સિવાય કોઈ અન્ય વિષય પર કદાચ જ ચર્ચા કરવામાં આવી છે. જો કે, નેક ઈરાદા સાથે કરવામાં આવેલા આ હોબાળા બાદ પણ ત્રીજા વર્ગે અજાણતા જ એ સ્પષ્ટ કરી દીધું કે તેમને એ વિશાળ વર્ગ એટલે કે ચોથા વર્ગ કરતાં ખુદની સૌથી વધુ ચિંતા છે.

ચોથા વર્ગમાં દેશના ૯૦ ટકા લોકો આવે છે. એવા લોકો,જેમનું શિક્ષણ મર્યાદિત છે. રહેણી-કરણીનું સ્તર અત્યંત ખરાબ છે અને પોતાના સુંદર ભવિષ્યની તેઓ વધુ અપેક્ષા રાખતા નથી. આ વર્ગમાં આપણા ખેડુતો, ઝુંપડાવાસીઓ,ઘરેલું નોકર-નોકરાણી સહિત એવા કરોડો ભારતીયો આવે છે, જેમને યોગ્ય આરોગ્ય સેવા,શિક્ષણ અને ઈન્ફાસ્ટ્રકચર વગેરે ઉપલબ્ધ નથી.તેમના અંગે ટીવી પર કોઈ ચર્ચા થતી નથી કે કોઈ તેમને માટે ઈન્ડીયા ગેટ પર પ્રદર્શન કરતું નથી.

ત્રીજા વર્ગના લોકો તેમનાથી દુર રહે છે કે પછી તેમના પર પોતાના આધુનિક મુલ્યો ઠોકી બેસાડવા માંગે છે. ત્રીજા વર્ગના લોકોએ એક નવી તાકાત મેળવી લીધી છે, પરંતુ તેનો તેમણે પ્રથમ વર્ગની જેમ ઉપયોગ કર્યો છે. શું આપણે ક્યારેય ચોથા વર્ગના લોકો સાથે જોડાયેલા મુદ્દાઓ પર આટલી ગંભીરતાથી ચર્ચા કરીશું અને પોતાનો મીડીયા પાવર તેમને આપીશું ? શું આપણે ક્યારેય ઝુંપડાવાસીઓને પીવાનું પાણી પુરુ પાડવાની માંગ લઈને ઈન્ડીયાગેટ પર પ્રદર્શન કરીશું ? હકીકતમાં, આપણે તેમને વિખુટા પાડીને પ્રથમ વર્ગના લોકો દ્વારા શોષણ માટે તેમનો છુટા મુકી દઈએ છીએ.પ્રથમ વર્ગના લોકો આ ચોથા વર્ગના લોકોની ભાવનાઓ અને અપેક્ષાઓને સમજીને કેટલાક ટુકડા તેમના તરફ ફેકી દે છે.તેના બદલામાં ચોથા વર્ગના લોકો તેમના ખોટા કામોને નજરઅંદાજ કરીને તેમને ફરીથી સત્તા પર બેસાડે છે. આ દરમિયાન આપણે ત્રીજા વર્ગના લોકો બુમો પાડતા રહીએ છીએ અને પોતેજ બનાવેલો રીયાલીટી શો જોતા રહીએ છીએ.ક્રાંતિ પેદા કરવી કે પરિવર્તન લાવવાની આ રીત નથી.આપણે જમીન સાથે જોડાયેલા ચોથા વર્ગના લોકોને સાથે લઈને આગળ વધવું પડશે.આપણે પોતાની વાતો સાથે લોકોને પરાણે સહમત કરી શકતા નથી.એવી કોઈ વ્યક્તિ પર હસતા નથી જે કહે છે કે મહિલાઓએ પડદામાં રહેવું જોઈએ અને રાત્રે બહાન ન નીકળવું જોઈએ. આ બાબતે લગીરે સમાધાન હોઈ શકે નહી. જો તમે પરિવર્તન ઈચ્છતા હો તો સર્વસમાવેશ બનો આંશિક નહી.

ત્રીજા વર્ગના લોકોએ પોતાની મીડીયા શક્તિ પણ ચોથા વર્ગને પ્રભાવિત કરનાર મુદાઓનું સમર્થન કરવા માટે આપવી જોઈએ. દેશના ગરીબો આપણાથી કોઈ અલગ પ્રજાતિ નથી. તેઓ પણ સારી રહેણીકરણીના હકદાર છે. જો નેતાઓએ બીજા વર્ગના લોકોને આટલો આશરો ન આપ્યો હોત તો આપણે પોતાના અર્થતંત્રને વધુ ખુલ્લુ કરી શકીએ તેમ હતા, જે સાચા અર્થમાં ઉદાર બનતુ જતું હોત. જેમાંથી વધુ તકો પેદા થતી હોત. હવે આપણે ચોથા વર્ગના લોકો માટે પણ લડાઈ લડીએ. આમ કરતાં તેઓ આપણી સાથે આવશે અને આપણને સાચા અર્થમાં એક રાજકીય રીતે પ્રાસંગિક તાકાત બનાવી દેશે. આમ કરીને, આપણે જેઓ ભારતમાં શક્તિ સામર્થ્યનો સૌથી વધુ દુરુપયોગ-ગરુપયોગ કરે છે તેમને(એટલે કે પ્રથમ અને બીજા વર્ગના લોકોને) લાચાર ને મજબુર બનાવી દેવામાં સફળ થઈશું. અને ત્યારે જ સાચા અર્થમાં પરિવર્તન આવશે.

લેખક: ચેતન ભગત
(અંગ્રેજીના જાણીતા યુવાન નવલકથાકાર છે.)(સૌ.દિ.ભા.)


**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત
લગ્નવિધિ કરાવનાર
**ગીડીયોન પોલ પરમાર**
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**કેર કોમ્પ્યુટર સેન્ટર**
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર
બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.